જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૧/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૮/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૭૦૧૦	૧૬૧	૭૭૧૭૧	૭૮૧૧૯	૧૫૪	૭૮૨૭૩
કુલ		૯૩૬૦૮	૧૬૧	૯૩૭૬૯	૧૦૨૬૪૮	૧૫૪	૧૦૨૮૦૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૯	૫,૫૬,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૧૧	૧૦,૧૧,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

શરીર સબંધી તથા મિલકત સબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી તથા મિલકત સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એચ.વાળા શાહપુર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે યાસીન ઉર્ફે રાજા સ/ઓફ ફૈજ મોહમદ યુસુફખાન પઠાણ ઉવ-૨૫ રહે-ઘ.નં-૩૧૩, મોરકસવાડ, મોહમદી મસ્જીદ પાસે, મીરજાપુર, શાહપુર, અમદાવાદ શહેર નાઓની વિરૂધ્ધ દાખલ થયેલ જુદા-જુદા ગુના આધારે સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઇન્સપેકટર શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડની ટીમે ઉપરોકત આરોપીને શોધી કાઢી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક- પીસીબી/ડીટીએન/પાસા/૨૯/૨૦૨૨ તા.૦૭/૦૧/૨૦૨૨ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજ બજવણી કરી ડીટેઇન કરી ભુજ જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૦૭/૦૧/૨૦૨૨

સારી કામગીરી કરનાર ટીમ

(૧) પો.સ.ઈ. એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડ ટીમ (૨) મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ બ.નં.૮૧૫૫ (૩) અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ બ.નં.૪૫૪૮ (૪) અ.પો.કો. શક્તિસિંહ ગોવિંદસિંહ બ.નં.૭૧૩૪

પાસા અટકાયતીઃ

યાસીન ઉર્ફે રાજા સ/ઓફ ફૈજ મોહમદ યુસુફખાન પઠાણ ઉવ-૨૫ રહે-ઘ.નં-૩૧૩, મોરકસવાડ, મોહમદી મસ્જીદ પાસે, મીરજાપુર શાહપુર અમદાવાદ શહેર



સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ

આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ- **સમાચાર યાદી નં.૪૯/૨૦૨૨**

શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧/૨૦૦૬ સેશન્સ કેસ નં.૨૫૬/૨૦૧૩ મુજબના ગુનાના કામે આરોપી વિજયભાઈ છનાભાઈ પટણી (રહે.બ્લોક નંબર ૩/૭૫ બીજા માળે ઈન્દીરાનગરના છાપરાં, ભરવાડવાસ સામે મનમોહન ચાર રસ્તા પાસે જનતાનગર નિકોલ ઓઢવ અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર એડીશનલ સેસન્સ જજ શ્રી પરવીનકુમાર સાહેબ, અધિકસત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૧૯, સિટી સિવિલ અને સેસન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૦/૦૧/૨૦૨૨ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૩૪૯ લીટર દેશી દારૂ, ૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૭૦૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૨/૨૦૨૨**

ઓઢવઃ ગણેશભાઇ વિઠ્ઠલસા ક્ષત્રીય (ઉ.વ.૫૫) (રહે. અજીતનાથ કૃપા સોસાયટી પાણીની ટાંકી પાસે અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૨ રાતના ૯/૩૦ થી તા.૦૭/૦૧/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ સોનીની ચાલી તિરૂપતી કોમ્પલેક્ષમાં આવેલ ગણેશભાઇ ક્ષત્રીયની દુકાનમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી દુકાનમાંથી એલ.ઇ.ડી.ટી.વી.નંગ-૭, ઈલેક્ટ્રીક સગડી નંગ-૨, બી.ટી.સ્પીકર નંગ-૧૨, ઈલેક્ટ્રીક ગીઝર નંગ-૬, હોમથીએટર નંગ-૪, વોટર હીટર નંગ-૩, ટ્રીમર નંગ-૪ મીક્ષ્ચર નંગ-૨ અને ઈલેક્ટ્રીક ઈસ્ત્રી નંગ-૮ મળી કુલ કિમત રૂપિયા ૧,૯૧,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૫૩/૨૦૨૨**

નરોડાઃ મહેન્દ્રભાઈ નારાણભાઈ બાસુરે (રહે. અંશુયાનગર વાલ્મીકી આવાસ યોજનાની બાજુમાં નોબલનગર સરદારનગર) એ તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નરોડા કઠવાડા રોડ સેન્ટ ઝેવીયર્સ સ્કુલની બાજુમાં ગોડાઉન નં-૩૯ એન્ટેક્ષ ટ્રાન્સપોર્ટેશન (ઈલાસ્ટીક રન) નામના મહેન્દ્રભાઈ બાસુરેના ગોડાઉનમાં ડીલેવરી બોય તરીકે નોકરી કરતા અમીત સતીષભાઈ ચૌધરી (રહે. ત્રુષીકેશ એપાર્ટમેન્ટ ઠક્કરનગર કૃષ્ણનગર) તા.૨૦/૧૨/૨૦૨૧ ના રોજ ગોડાઉન ખાતેથી ૬૫ બોક્ષ પાર્સલ લઈ ડિલેવરી આપવા માટે નિકળેલ જેમાંથી ૧૯ પાર્સલ બોક્ષની ડિલેવરી કરી જેના રૂપિયા ૧૭,૦૪૫/- મેળવી લઈ તેમજ ૬૫ બોક્ષ પૈકી બાકીના ૪૬ પાર્સલ બોક્ષ કિમત રૂપિયા ૭૫,૩૪૯/- ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ- **સમાચાર યાદી નં.૫૪/૨૦૨૨**

બાપુનગરઃ શાંતાબહેન વા/ઓ સોમચંદભાઇ પરમાર (ઉ.વ.૭૨) (રહે. ગવર્નમેન્ટ ઇ કોલોની અંબર સીનેમા સામે બાપુનગર) એ તા.૦૭/૦૧/૨૦૨૨ ના રોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શાંતાબહેન તા.૦૩/૦૧/૨૦૨૨ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ શાંતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૫૫/૨૦૨૨**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ જયપાલસિહ દિલીપસિહ દરબાર (ઉ.વ.૩૫) (રહે.સુરમિયા એપાર્ટમેન્ટ સાર્થક ટેનામેન્ટની અંદર ધોડાસર) તા.૦૬/૦૧/૨૦૨૨ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે નારોલ સર્કલથી લાંભા તરફ જતા ગુરૂકૃપાબ્રીજ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે પીક અપ ગાડી નંબર જીજે ૦૧ ડીયુ ૯૭૪૧ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી રિવર્સ લેતા મોટર સાયકલને ટક્કર મારતા જયપાલસિહ દરબારને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ હરદેવસિહ મહીપતસિહ જાડેજાએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.